જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૬/૧૦/૨૦૧૮ શનિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૪૮/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૦ કેસ કરી, ૪૮ વ્યક્તિઓને ઝડપી, ૧૯૧ લીટર દેશી દારૂ, ૧૪૦ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૧૨૦ બીયરટીન, ૦૧ સ્કુટર અને ૧ રીક્ષા કબજે કરી હતી.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૪૯/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડી અને વિશ્વાસઘાત :-** **સમાચાર યાદી નં.૧૯૫૦/૧૮**

**માધવપુરાઃ** કૃણાલભાઇ મહેન્દ્રભાઇ શાહ (રહે,સામર્થ્ય રેસીડન્સી, વલ્લભપાર્ક, સાબરમતી) એ તા.૫/૧૦/૧૮ નારોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૯/૨૦૧૭ થી તા.૨૧/૧૨/૨૦૧૭ સુધીના સમયગાળા દરમ્યાન અલગ-અલગ સમયે આરોપી રાજેન્દ્રભાઇ છત્રભુજ મહેતા (રહે,પહેલો માળ, ચિરાગ સોસાયટી, અંકુર ચાર રસ્તા, નારણપુરા) એ દરીયાપુર દરવાજા ઈદગાહ સર્કલ, સીટી સેન્ટર કોમ્પલેક્ષ ડી/૧૧૯ ખાતે આવેલ કૃણાલભાઇ ની “સૌમ્ય ટ્રેડીન્ગ કંપની” માંથી રોકડે થી માલ ખરીદ કરી, કૃણાલભાઇને વિશ્વાસમાં લઇ, ઈન્ડસ્ટ્રીયલ બેરીંગો નો કુલ રૂપિયા ૬,૨૧,૯૦૮/- મતાનો માલ ઉધાર લઇ જઇ, તેના નાણાં નહીં ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એસ.પઠાણ ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૧૯૫૧/૧૮**

**સાબરમતી** : મુકેશકુમાર ખુશાલદાસ ચૌહાણ (રહે,આંબેડકરવાસ સોસાયટી નવા લક્ષ્મીપુરા રોડ પાલનપુર તા.પાલનપુર જી.બનાસકાંઠા) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૧૦/૨૦૧૮ બપોરના ૧૨/૩૦ થી ૧/૦૦ વાગ્યા દરમ્યાન સાબરમતી ત્રાગડ ગામ ફાટક થી આગળ આવેલ ત્રણ રસ્તા સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન રીક્ષા ચાલક તથા રીક્ષામાં બેસેલ બીજા પાંચ અજાણ્યો ઇસમો (૨૫ થી ૩૫ વર્ષના આશરાના) ભેગામળી મુકેશકુમારની નજર ચુકવી તેમની સોનાની ચેઇન કિંમત ૫૫,૦૦૦/- અને રોકડ રૂપીયા ૭૦૦૦/- મળી કુલ રૂપીયા ૬૨,૦૦૦/- મત્તાની ચોરી કરી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.પી.મેઘલાતર ચલાવે છે.

**મશીનમાંથી શીટનો ટુકડો તુટીને વાગતા મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૯૫૨/૧૮**

**જી.આઇ.ડી.સી.વટવા** : ભગવાનભાઇ રામાનંદ શાહ (ઉ.વ.૫૦)(રહે,મચ્છુનગર મનોજભાઇની ચાલીમાં જીઆઇડીસી વટવા) તા.૫/૧૦/૧૮ બપોરના ૨/૦૦ થી ૩/૦૦ વાગ્યા દરમ્યાન ફેઝ-૦૪ પ્લોટ નંબર ૩૨૦૩/બી "રામદેવ શીટ રોલ" ખાતે મજુરી કામ કરતા હતા દરમ્યાન મશીનમાં રહેલ એસ.એસ.શીટ માંથી ટુકડો તૂટીને ભગવાનભાઇને વાગતા, સારવાર અર્થે તેમને કૃષ્ણનગર ઋગ્વેદ હોસ્પીટલ ખાતે લાવતા, ફરજ પરના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે જી.આઇ.ડી.સી.વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એસ.ગોસ્વામી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.